# ગાંધીનગરમાં બંધના એલાનને મિશ્ર પ્રતિસાદ

(તસવીર : દિપક જાની)



**ભાજપના કાર્યકરોએ બંધ પાળવા વેપારીઓને સમજાવ્યા : નગરના કોમર્શિયલ ઝોનમાં અમુક દુકાનોના શટર બંધ રહ્યા**

ગાંધીનગર, તા. ૩૧

પેટ્રોલના ભાવવધારા સામે આજે અપાયેલા દેશ વ્યાપી બંધના એલાનને ગાંધીનગરમાં મિશ્ર પ્રતિસાદ સાંપડ્યો હતો. નગરના શોપીંગ વિસ્તારમાં સવારથી જ ભાજપના કાર્યકરો વેપારીઓને બંધ પાળવા સમજાવતા નજરે પડ્યા હતા. દિવસ દરમિયાન નગરના મુખ્ય કોમર્શિયલ મથકો પર બંધની હળવી અસર વર્તાતી હતી.

પેટ્રોલના ભાવ ભડકે બળતા આમ નાગરિકોમાં વિરોધની ચિંગારી ઉઠવા પામી છે. મોંઘવારીના ખપ્પરમાં હોમાયેલા લોકો આમ પણ જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓમાં પ્રવર્તેલી અસહ્ય મોંઘવારીથી તોબા પોકારી ગયા છે ત્યારે પેટ્રોલની કિંમતમાં એકસાથે રૂ. ૭.૫૦ નો કમ્મરતોડ બાવવધારો ઝીંકી દેવાતા પૈડા પર ધબકતા જનજીવનની ગાડી પટરી પરથી નીચે ઉતરી જાય તેવી સ્થિતિ સર્જાઈ છે. પેટ્રોલ ભાવ વધારાના વિરોધમાં દેશમાં મુંબઈ, દિલ્હી સહિતના મોટા શહેરોમાં મજબૂત પ્રતિસાદ સાંપડ્યો હોવાનું ધ્યાને આવ્યું હતું. આ ઉપરાંત ગુજરાતમાં પણ અમદાવાદ, મહેસાણા, રાજકોટ અને બરોડા સહિતના શહેરોમાં પણ બંધની અસર જોવા મળી હતી. ઘણાખરા શહેરોમાં એસ.ટી. બસ ઉપરાંત સીટીબસની સેવા પણ બંધની અસરના પગલે ખોરવાઈ ગઈ હતી. બીજીતરફ રાજ્યના પાટનગરમાં બંધના એલાનને મિશ્ર કહી શકાય તેવો પ્રતિસાદ મળ્યો હતો. ગાંધીનગરમાં સવારથી જ બંધની અસરના પગલે ભાજપના કાર્યકરોની કોમર્શિયલ વિસ્તારમાં ચહલ-પહલ જોવા મળી હતી. શહેરના સે. ૧૬, ૧૧ ઉપરાંત સે. ૨૧ના મુખ્ય શોપીંગ સેન્ટરો સહિત સે. ૨૪માં જિલ્લા ભાજપના આગેવાનો બંધ પાળવા વેપારીઓને સમજાવતા નજરે પડ્યા હતા. જેના અંતે ઘણા ખરા વેપારીઓએ દુકાનના શટર પાડી પેટ્રોલના ભાવ વધારા વિરોધી બંધને સમર્થન આપ્યું હતું. જો કે બંધની અસર માત્ર કોમર્શિયલ ઝોન પુરતી સિમિત જોવા મળી હતી. બેંકીંગઝોન સહિતની અન્ય સેવાઓ યથાવત સ્થિતિમાં કાર્યરત રહી હતી. કેટલાક કિસ્સામાં વેપારીઓએ સ્વયંનું બંધ પાળી એલાનને સમર્થન આપ્યું હતું. શહેરમાં બંધના એલાન દરમિયાન કોઈ અનીચ્છનીય બનાવ બનવા પામ્યો ન હતો. પરંતુ બંધ પાળવા વેપારીઓ સુધી પહોંચતા ભાજપના કાર્યકરો પૈકી એકનો મોબાઈલ ચોરાઈ ગયો હોવાનું પણ ધ્યાને આવ્યું હતું. જો કે થોડા સમયના અંતે મોબાઈલ પાછો પણ મળી ગયો હતો.

## જૂના સેક્ટરોના આંતરિક માર્ગોના મજબૂતીકરણની દરખાસ્ત અટવાઈ

### વિભાગકક્ષાએથી દરખાસ્ત મંજૂર ન થતા કામગીરી ઘોંચમા

ગાંધીનગર, તા. ૩૧

શહેરમાં સે. ૨૦ થી ૩૦ના આંતરિક માર્ગોના મજબૂતીકરણની કામગીરી સંદર્ભે વિભાગકક્ષાએ રજૂ થયેલી દરખાસ્ત મહિનાઓના અંતે પણ મંજૂરી ન અપાતા જૂના સેક્ટરોમાં ઉબડ-ખાબડ ભાસતા આંતરિક માર્ગોની સુધારણાનુ કામ અટવાઈ પડ્યું છે.

શહેરમાં છેલ્લા બે મહિનાથી માર્ગ નવીનીકરણના કામો હાથ ધરવામાં આવ્યા છે. જેમાં નિયત સમયગાળાના અંતે નગરના મુખ્ય 'ઘ' માર્ગને પણ ચકાચક બનાવી દેવાયો છે. જ્યારે વર્ષોના અંતે નવવિકસિત સે. ૧ થી ૫ માં પણ આંતરિક રસ્તાઓની સુધારણાનુ કામ આરંભી દેવાયું છે. પરંતુ જૂના સેક્ટરોમાં આંતરિક રસ્તાઓના મજબૂતીકરણની વાત વિસરાઈ ગઈ છે. સે. ૨૦ થી ૩૦માં આંતરિક માર્ગોને સુવાળા બનાવવા અગાઉ તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવી હતી. પરંતુ લાંબા સમયગાળાના અંતે પણ નગરના જૂના સેક્ટરોના માર્ગોને ચકાચક બનાવવાના કામ સંદર્ભે રજૂ થયેલી દરખાસ્તને વિભાગ કક્ષાએથી હજુ મંજૂરી ન મળતા કામ હાથ ધરી શકાયું નથી. આવા સંજોગોમાં સેક્ટરોના આંતરિક માર્ગોના મજબૂતીકણ માટે ત્વરિત કામ હાથ ધરાય તેવી લોકલાગણી પણ પ્રબળ બની છે.



ગુડા દ્વારા ગ્રીનસીટી, ક્લીનસીટીના કનસેપ્ટને વેગ આપવા ન્યૂ ગાંધીનગરમાં સ્થિત સોસાયટીઓમાં કચરો એકત્રિત કરવા માટેના 'બકેટ'નું વિતરણ કરવામાં આવ્યું હતું. ગુડાના ચેરમેન અશોક ભાવસાર સહિતના આગેવાનોએ રહિશોને આ પ્રકારના બકેટ આપ્યા હતા.

## સે-૨૭માં યુવાનને ટાઈફોઈડ, પાણીજન્ય રોગચાળાએ માથું ઉંચકયું

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગરમાં આકરા ઉનાળે પાણીજન્ય રોગચાળો ધીમે ધીમે માથુ ઉંચકતો હોવાનું ધ્યાને આવ્યું છે. સે-૨૭માં એક યુવાનની તબિયત લથડતા ખાનગી લેબોરેટરીમાં રીપોર્ટ કરાવ્યા બાદ ટાઈફોઈડ હોવાનું માલુમ પડયું છે. ઉનાળામાં પાણીજન્ય રોગચાળો ફેલાવાની વિશેષ ભીતિ હોય છે.

આ સંજોગોમાં શહેરમાં વેચાણ થતી બિનઆરોગ્યપ્રદ ખાણીપીણી ઉપરાંત અન્ય પીણાંઓની ગુણવત્તા સંદર્ભે યોગ્ય ચકાસણી હાથ ધરવા પણ તંત્ર જાગૃત ન હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. બીજી તરફ શહેરમાં પાણીજન્ય રોગચાળો બિલ્લી પગે પેસી રહ્યો હોવાનો ભય પ્રવર્ત્યો છે. સે-૨૭ના એક યુવાનની તબિયત લથડતા ખાનગી લેબોરેટરીના રીપોર્ટના અંતે યુવાન ટાઈફોઈડનો ભોગ બન્યો હોવાનું માલુમ પડયું છે. રોગચાળાની સંભવિત સ્થિતિને ધ્યાને લઈ તંત્ર કક્ષાએથી ત્વરિત જરુરી પગલા લેવાની તાતી અનિવાર્યતા ઉભી થઈ છે.

## ગાંધીનગરના ધો-૧૦ના ૨૮,૪૪૫ વિદ્યાર્થીઓનું આવતીકાલે પરિણામ

### જિલ્લામાં રેગ્યુલર ઉપરાંત ૬ હજારથી વધુ રીપીટરે પરીક્ષા આપી હતી

ગાંધીનગર, તા.૩૧

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ધો-૧૦ની પરીક્ષાનું આવતીકાલે પરિણામ જાહેર થશે. જિલ્લામાંથી ૨૮,૪૪૫ વિદ્યાર્થીઓએ ધો-૧૦ બોર્ડની પરીક્ષા આપી હતી.

ગત માર્ચ મહિના દરમિયાન લેવાયેલી ધો-૧૦ બોર્ડની પરીક્ષામાં ગાંધીનગર જિલ્લાના ૨૮,૪૪૫ વિદ્યાર્થીઓ નોંધાયા હતા જેમાં ૨૧૨૭૭ રેગ્યુલર અને ૬૫૩૮ રીપીટર વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. શિક્ષણ બોર્ડ દ્વારા ગત દિવસોમાં ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહ તેમજ સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર થયા બાદ આગામી તા. ૨ જૂનના રોજ ધો-૧૦ની પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવશે. અગાઉ પરિણામ માટે તા. ૩ જૂન નક્કી થયા બાદ પરિણામ વહેલું તૈયાર થતા બોર્ડ કક્ષાએથી એક દિવસ આગળ અલબત્ત ૨ જૂનના રોજ વેબસાઈટ મારફતે પરિણામ જાહેર કરવાનો નિર્ણય લેવાયો છે. જો, કે વેબસાઈટ પર પરિણામ મુકાયા બાદ વિદ્યાર્થીઓને માર્કશીટનું વિતરણ ૭ જૂનના રોજ કરવામાં આવનાર છે. માર્ચના બીજા સપ્તાહમાં પૂર્ણ થયેલી ધો-૧૦ની પરીક્ષા બાદ વેકેશનનો મિજાજ માણ્યા પછી વિદ્યાર્થીઓમાં હવે પરિણામલક્ષી ઉત્તેજના જોવા મળે છે. આમ પણ ધો-૧૦ના પરિણામના અંતે વિદ્યાર્થીઓએ શૈક્ષણિક કારકીર્દી માટે યોગ્ય લાઈન નક્કી કરવાની થતી હોવાથી વિદ્યાર્થીઓ અને વાલીઓ પણ કાગડોળે પરિણામની રાહ જોઈ રહ્યા છે. બીજી તરફ ધો-૧૦માં રીપીટર વિદ્યાર્થીઓની સંખ્યા પણ વિશેષ હોવાનું ધ્યાને આવ્યું છે. આગામી શનિવારે જાહેર થનારું પરિણામ જિલ્લાના ૨૮ હજારથી વધુ વિદ્યાર્થીઓનું ભાવિ નક્કી કરશે.

## આજે સુંદરકાંડના પાઠ યોજાશે

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર તાલુકાના રૂપાલ ગામ અને રાંધેજા ગામે આજે યુવા કથાકાર સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે સુંદરકાંડના પાઠનું આયોજન કરવામાં આવ્યું છે. રાંધેજા ગામની કલા નિકેતન સ્કૂલની સામે સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે આજે બપોરે ૩ કલાકે સુંદરકાંડના પાઠ યોજાશે ત્યારબાદ રાત્રે ૮.૩૦ કલાકે હનુમાનજી મંદિર, રૂપાલ ગામે સુંદરકાંડના પાઠ યોજાશે. રામનામ અને હનુમાનજીની ભકિતના આ કાર્યક્રમમાં સૌ ભકતજનોને ઉપસ્થિત રહેવા ખાસ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## લાયોનેસ ક્લબ ગાંધીનગર દ્વારા ચબૂતરાનું અર્પણ

ગાંધીનગર, તા. ૩૧

લાયોનેસ ક્લબ ગાંનગરના પ્રમુખ વર્ષા ઠક્કરે એક અકબારી યાદીમાં જણાવ્યું છે કે, લાયન્સ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રીક્ટ ૩૨૩-બીના ડિસ્ટ્રીક્ટ ગવર્નર સુરેશભાઈ શાહના વરદ હસ્તે તાજેતરમાં સેક્ટર-૩, ઘ-૧ કોર્નરે આવેલા ચેહરમાતાજીના મંદિર પાસે મારબલમાંથી બનાવેલા કલાત્મક ચબૂતરાનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

ચબૂતરાના લોકાર્પણ કાર્યક્રમમાં ડિસ્ટ્રીક્ટ ૩૨૩-બીના પદાધિકારીઓ, ભૂ.પૂ. ડિસ્ટ્રીક્ટ ગવર્નર હરેન્દ્રભાઈ શુકલ, લાયોનેસ ક્લબ ગાંધીનગરના ભૂતપૂર્વ પ્રમુખો, ક્લબના સભ્યો, લાયન્સ ક્લબ ગાંધીનગરના ભૂતપૂર્વ પ્રમુખો તેમજ સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. ચબૂતરાનો તમામ ખર્ચ લાયોનેસ ક્લબ ગાંધીનગરના સભ્યોના આર્થિક સહયોગથી સંપન્ન થયો હતો. કાર્યક્રમને સફળ બનાવવા ક્લબના સેક્રેટરી ચંદા યાદવ, ખજાનચી વૈશાલી જોષી, લાયન્સ ક્લબ ગાંધીનગરના ભૂ.પૂ. જિતેન્દ્ર સોલંકી દ્વારા અથાગ મહેનત કરવામાં આવી હતી.

## સે.૩૦માં શિવકથા યોજાશે

ગાંધીનગરના યુવા કથાકાર સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે તા. ૪થી જૂન-૨૦૧૨ને સોમવારે સેક્ટર-૩૦ ખાતે શિવકથાનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. સોમવારે રાત્રે ૮.૩૦ કલાકે શિવકથાનો સુંદર પ્રારંભ થશે. ગાંધીનગર અને આસપાસના વિસ્તારની જનતાને શિવકથાનું રસપાન કરવા સર્વોદયનગર, સેક્ટર-૩૦ના રહીશોએ ખાસ નિમંત્રણ પાઠવ્યું છે.

# એકબીજાને અનુકૂળ થવાની અમારી વૃત્તિ અને સમજણશક્તિ બંને ભાઈબંધોને જોડી રાખે છે

## કિન્નર ઝવેરી અને આશુતોષ ભારતી બંને મિત્રોના પરિવારો વચ્ચે પણ ખૂબ મનમેળ છે

ગાંધીનગરના યુવા વેપારી વર્ગમાં કિન્નર ઝવેરી અને આશુતોષ ભારતી વચ્ચેની મિત્રતા એક મિશાલ ગણાય છે. બંને ભલે બાળપણના મિત્રો નથી પરંતુ કોલેજકાળમાં તેમની વચ્ચે થયેલી મિત્રતામાં પાછલા ૧૭ વર્ષમાં એટલી જ હૂંફ જળવાઈ રહી છે જેટલી કોલેકાળમાં હતી. સમય સાથે તેમની મિત્રતા વધુ ગાઢ, વધુ મજબૂત બની છે. સાથે તેમના પરિવારો પણ એકબીજાને ખુબ અનુકૂળ થઈ ગયા છે.

બહુ ઓછા એવા લોકો હોય છે કે જેને જીવનમાં સાચો-સારો મિત્ર મળે છે. એવુ કહી શકાય કે નસીબદાર હોય તેને જ ભાઈ કરતાં ચઢીયાતો ભાઈબંધ મળે. કિન્નર ઝવેરી અને આશુતોષ ભારતી એવા જ નસીબદાર વ્યક્તિઓમાંથી એક છે જેમને એકબીજાના પડછાયા કહીએ તો અતિશયયોક્તિ નહીં ગણાય. ગાંધીનગરના હોવા છતાં તેઓ બંને એકબીજાને છેક કોલેજકાળમાં મળ્યા. ૧૯૯૫ના વર્ષમાં કિન્નર ઝવેરીએ ગુજરાત યુનિવર્સિટી સ્થિત પ્રતિષ્ઠિત બી.કે. સ્કૂલ ઓફ મેનેજમેન્ટમાં પ્રવેશ લીધો. તેમની શાખામાં ગાંધીનગરથી આવતા ત્રણ વિદ્યાર્થીઓ હતો. તે ત્રણ પૈકીના કિન્નર ઝવેરી અને આશુતોષ ભારતી વચ્ચેની મિત્રતા પછી તો એવી જામી કે આજે તેમની મિત્રતા ઉદાહરણરૂપ બની છે. મેનેજમેન્ટની ડિગ્રી લીધા પછી બંનેએ બે વર્ષ નોકરી કરી અને તે પછી સાથે જ વ્યવસાય શરૂ કર્યો. સૌ પ્રથમ એક સોફ્ટવેર કંપનીની શરૂઆત કરી. તે પછી અનેક નાના મોટા ધંધાકીય સાહસોમાં કિન્નર-આશુતોષ એકબીજાની સતત પડખે રહ્યા. ધંધાકીય તડકીછાંયડી હોય કે



સંબંધ સજાવે જિંદગી

**ભાઈ જેવો ભાઈબંધ**

- જય ઓઝા

gsrelation@yahoo.com

કોઈ પારિવારીક મુશ્કેલી એકબીજાને સતત અનુકૂળ થવાની વૃત્તિએ મુશ્કેલીઓને તો જોજનો દૂર કરી જ સાથે સાથે તેમની મિત્રતાને વધુ ને વધુ મજબુતી બક્ષી. છેલ્લા ૧૭ વર્ષથી તેઓ બીજનેસ પાર્ટનર છે.

કિન્નર ઝવેરી કહે છે કે અમારા રસરૂચિ ખુબ મળતા આવે છે. હરવા ફરવાનો અને નવી ટેકનોલોજીનો શોખ અમને બંનેને ખુબ છે. મે એવા ઘણા દાખલાઓ જોયા છે કે કોલેજકાળની મિત્રતામાં લગ્ન પછી ઓટ આવવા માંડે છે પરંતુ મારી પત્નિ હેતલ ઝવેરી અને આશુતોષની પત્નિ વૈશાલી ભારતીએ અમારી મિત્રતામાં ઓટ નહીં પરંતુ ભરતી આણી છે. તેઓ બંને હવે પાક્કી સહેલીઓ થઈ ગઈ છે. બંનેના પરિવારો એકબીજામાં ખુબ સારી રીતે ભળી જતાં હોવાથી હરવા ફરવામાં ખુબ મજા આવે છે. છેલ્લા ૧૬-૧૭ વર્ષમાં અમે અનેક નાની-મોટી પ્રવાસ ટ્રીપ સાથે જ યોજી છે. અમારી મિત્રતા થઈ પછી ક્યાંય પણ જવાનુ હોય, કાંઈ ખરીદી કરવી હોય કે ઈવન ઘરનુ રીનોવેશન હોય અમે બધા જ નિર્ણયો સાથે લઈએ છીએ. કોઈપણ નાની-મોટી બાબત હોય આશુતોષને જ સૌ પહેલા તેની જાણ થાય. તેવુ જ આશુતોષનું છે.

સાથે વ્યવસાય હોય એટલે ક્યારેક મનદુઃખ થાય પરંતુ કિન્નર ઝવેરી કહે છે કે આટલો મોટો વ્યવસાય હોવા છતાં અમારા બંને વચ્ચે ક્યારેય કોઈ નાની બાબતે અસહમતી નથી સર્જાઈ તો મનદુઃખની તો વાત જ ક્યાંથી આવે. બંનેના સ્વભાવ કોમ્પ્રોમાઈઝીંગ હોવાથી આટલા વર્ષોની મિત્રતામાં ક્યારેય ઓટ નથી આવી.

## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૫

સૂર્યાસ્ત : ૭.૧૯

### તાપમાન

મહત્તમ : ૪૦.૪ ડિ.સે.

લઘુત્તમ : ૨૮.૦ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૬૫ ટકા ● સાંજે ૩૦ ટકા

### મનોરંજન

**સિટી પલ્સ**

**સ્કીન-૧ :** રાઉડી રાઠોડ : ૧૧.૩૦, ૨.૧૫, ૫.૦૦, ૭.૪૫, ૧૦.૩૦

**સ્કીન-૨ :** રાઉડી રાઠોડ : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

**સ્કીન-૩ :** એમઆઈબી- ૩ (હિન્દી) : ૧૧.૧૫
રાઉડી રાઠોડ : ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૦૦

**સ્કીન-૪ :** હાઉસફુલ- ૨ : ૧૧.૩૦
વીકી ડોનર : ૨.૩૦
ઈશકઝાદે : ૪.૪૫ ● રાઉડી રાઠોડ : ૭.૧૫, ૧૦.૦૦

**સિને મેક્સ**

**સ્કીન-૧ :** રાઉડી રાઠોડ : ૯.૦૦, ૨.૩૦, ૭.૪૫
મેન ઈન બ્લેક ૩ડી (હિન્દી) : ૧૨.૦૦, ૫.૧૫, ૧૦.૩૦

**સ્કીન-૨ :** રાઉડી રાઠોડ : ૧૦.૧૫, ૧.૦૦, ૩.૪૫, ૬.૩૦, ૯.૧૫

**સ્કીન-૩ :** રાઉડી રાઠોડ : ૯.૪૫, ૧૨.૧૫, ૩.૦૦, ૮.૩૦
ઈશકઝાદે : ૫.૪૫

**સ્કીન-૪ :** રાઉડી રાઠોડ : ૧૧.૦૦, ૧.૪૫, ૪.૩૦, ૭.૧૫, ૧૦.૦૦

**સૂર્યા, વાવોલ**

આખા જગતની નિરાળી મારી સાજણા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
રાઉડી રાઠોડ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### આપની આજ

- કિશોર ત્રિવેદી

**મેષ** : અટવાયેલા નાણાં પરત મળી શકે છે. ગૂઢ સંશોધન કરનારા લોકો માટે શુભ, લગ્નવાંચ્છુકો માટે શુભ સમાચાર પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં કોઈ મંગળ કાર્ય થઈ શકે છે.

**વૃષભ** : ભાગીદારી સંબંધી વિવાદોમાં ઉતાવળમાં કોઈ નિર્ણય ન લેવો હિતાવહ રહેશે. ગંભીર વિષયોમાં સમય પસાર થઈ શકે છે. ગૂઢ અધ્યયન વગેરેમાં લાભ પ્રાપ્ત થઈ શકે છે.

**મિથુન** : શિક્ષણ ક્ષેત્રે નવા લક્ષ્યો પ્રાપ્ત કરી શકશો. વ્યાપાર, વિસ્તાર સંબંધી કાર્ય થઈ શકે છે. તમારા કર્મક્ષેત્રની સામાજિક ક્ષેત્રોમાં લોકપ્રિયતામાં વધારો થતો જણાય.

**કર્ક** : સંતાન તરફથી સુખદ સમાચાર આવી શકે છે. શુભ સંદેશ તમને નવી દિશા બતાવશે. કૌટુંબિક સમસ્યાઓમાં વધારો ન થાય તેની કાળજી રાખવી.

**સિંહ** : સાથી પ્રત્યે નિકટતા અને ભાવુકતા રાખવી હિતાવહ છે. સ્થાયી સંપત્તિની આકાંક્ષા પૂર્ણ થઈ શકે છે. નોકરી વ્યવસાયમાં લાભ મેળવી શકાશે.

**કન્યા** : આર્થિક સ્થિતિમાં બચત અને સારા વિનિયોજનની તક મળી શકે છે. રહેઠાણ સંબંધી સમસ્યાઓ ઉભી થઈ શકે છે. વ્યાપીરમાં નવા અને લાભદાયી કરાર થઈ શકે છે.

**તુલા** : બીજા પર વધુ વિશ્વાસ ન કરવો. વ્યાપાર- વ્યવસાય સારો અને લાભદાયી રહશે. માતા- પિતાનું આરોગ્ય ઠીક રહેશે. નવા સંબંધ લાભદાયી નીવડી શકે છે.

**વૃશ્ચિક** : લક્ષ્યને ધ્યાનમાં રાખીને પ્રયત્ન કરશો તો સફળતા જરૂરથી મળી શકે તેમ છે. શુભ કાર્યોમાં સામેલ થવાથી યશ અને સન્માન પ્રાપ્ત થઈ શકે છે.

**ધન** : સુખદ સંદેશાની પ્રાપ્તિથી ઉત્સાહમાં વૃદ્ધિ થઈ શકે છે. ઘણાં દિવસોથી મોકૂફ કામ આજે પૂર્ણ થવાની શકયતાઓ છે. અન આવશ્યક હસ્તક્ષેપ ન કરવો.

**મકર** : નવા સંબંધો બની શકે છે. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવશે. વ્યાપાર- વ્યવસાય મધ્યમ છે. સંતાનોના પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

**કુંભ** : સફળ યાત્રાનો યોગ છે. વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન રાખવું પડશે. દેવાની ચિંતા ઓછી થઈ શકે છે. પરસ્પર સંબંધોને મહત્વ આપો.

**મીન** : વ્યવસાયમાં પ્રગતિ થઈ શકે છે. નોકરી- વેપારમાં વિશેષ લાભની આશા પ્રબળ બનતી જણાય. રાજ્ય પક્ષનાં કાર્યોમાં પરિવર્તનનાં યોગ બનશે.

### ચિરવિદાય

- સ્વ. રમેશચંદ્ર કૃષ્ણશંકર વોરા (ઉ. વ. ૭૨) પ્લોટ નં. ૩૫૩/૨, સેકટર-૭/એ, ગાંધીનગર.
- સ્વ. કમળબેન સબીલદાસ સેધાની (ઉ. વ. ૬૦) મુ. પો. ધોળાકુવા, તા. માણસા, જિ. ગાંધીનગર.
- સ્વ. શકરાજી શંકરજી ઠાકોર (ઉ. વ. ૬૫) મુ. પો. ધોળાકુવા, તા. માણસા, જિ. ગાંધીનગર.

## અમદાવાદ જિલ્લા જયુડીશિયલ બેલીફ મંડળના હોદ્દેદારો નિમાયા

ગાંધીનગર, તા.૩૧



અમદાવાદ (ગ્રામ્ય), જિલ્લા જયુડીશિયલ બેલીફ મંડળ વર્ગ-૩ની સામાન્ય સભા તાજેતરમાં અમદાવાદ (ગ્રામ્ય) મીરઝાપુર, ન્યાયમંદિર ખાતે મળી હતી. જેમાં મંડળના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી.

બેલીફ મંડળના હોદ્દેદારોમાં પ્રમુખ તરીકે ઝાકીરખાન પઠાણ, ઉપપ્રમુખ તરીકે અરવિંદભાઈ પરમાર, સહઉપપ્રમુખ તરીકે આઈ.પી.સોલંકી, મહામંત્રી તરીકે કરૂણાશંકર દવે, ખજાનચી તરીકે દોલતસિંહ વાઘેલા, સહમંત્રી તરીકે દીપક ચૌહાણ અને ઓડીટર તરીકે રમેશ પરમારની વરણી કરવામાં આવી છે. કારોબારી સભ્યોમાં વિરમગામના એમ.એન. સગર, ધોળકાના એમ.વી. વાજા, ધંધુકાના એલ.ડી. પરમાર, ડીસ્ટ્રીકટ કોર્ટના કે.કે. જાગટિયા, સાણંદના અનિલ બ્રહ્મભટ્ટ, ધોળકાના આર.એલ. ગોસ્વામી, ડીસ્ટ્રીકટ કોર્ટના કે.આર. દવે, એસ.ડી. કોર્ટના આર.વાય. પીરઝાદાની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.